# ગુરુકૃપાની ઉદારતા

## ડેવિડ કૈટ્ઝ દ્વારા વ્યાખ્યાન

### ગુરુપૂર્ણિમાના ઉપલક્ષ્યમાં

શ્રીગુરુની કૃપા. શ્રીગુરુનું માર્ગદર્શન. શ્રીગુરુનું સાન્નિધ્ય. શ્રીગુરુનું જ્ઞાન. શ્રીગુરુની કરુણા. શ્રીગુરુનાં દર્શન. શ્રીગુરુનો પ્રકાશ. શ્રીગુરુનો પ્રેમ. ગુરુકૃપાની ઉદારતા અતુલનીય છે.

શિષ્યના જીવનનો કાયાકલ્પ અર્થાત્ રૂપાંતરણ થાય તે માટે શ્રીગુરુની કૃપા અતિ આવશ્યક છે. રૂપાંતરણ.

એ સમજો કે આ કોઈ સાધારણ રૂપાંતરણ નથી. આ એ રૂપાંતરણ છે જે શિષ્યને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે, અસત્યથી સત્ય તરફ અને મૃત્યુથી અમરત્વ તરફ લઈ જાય છે. જેણે પણ આ સમજી લીધું છે કે આ રૂપાંતરણ શું છે, જેને પણ આ રૂપાંતરણનો અનુભવ થયો છે, તે તેનું બાકીનું જીવન શ્રીગુરુનાં પૂજન-અર્ચનમાં પસાર કરશે. અને આ રીતે, ગુરુ-શિષ્ય સંબંધ સતત ચાલતો રહે છે.

રૂપાંતરણની આ પ્રક્રિયા દ્વારા આપણને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેનાથી આપણે એ અનુભવ કરીએ છીએ કે આ વિશ્વ, એક મનુષ્ય પોતાની કલ્પનામાં રચના કરી શકે તેના કરતાં પણ વધારે જીવંત અને સુંદર છે. આપણે એ દિવ્ય પ્રભાને પ્રત્યક્ષરૂપે જોઈ શકીએ છીએ જે આપણી સત્તામાં અને આખી સૃષ્ટિમાં વ્યાપ્ત છે. તે આપણને સંસારમાં જીવવાની નવી રીત પ્રદાન કરે છે.

જેમજેમ આ અદ્ભુત પ્રકાશ આપણા જીવનમાં વ્યાપ્ત થતો જાય છે, તેની પ્રભાથી આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આપણને આશ્ચર્ય થાય છે કે કેવી રીતે આ પ્રકાશ આપણા વિશે અને સંસાર વિશે આપણી સમજને રૂપાંતરિત કરી દે છે. અને પછી... અને પછી... અને પછી આપણે *સ્વતંત્ર* થઈ જઈએ છીએ.

વિચાર કરો : ‘‘હું સ્વતંત્ર છું.’’

કલ્પના કરો : ‘‘હું સ્વતંત્ર છું.’’

મહસૂસ કરો : ‘‘હું સ્વતંત્ર છું.’’

યાદ રાખો, તમારો મૂળ સ્વભાવ છે સ્વતંત્રતા. સ્વતંત્રતા તમારો આધાર અને આશ્રય છે. અને આ સ્વતંત્રતાની ખોજ કરવી એ આ જન્મમાં તમારો મૂળ ઉદ્દેશ્ય છે, એ જ *તમારા હોવાનું મૂળ કારણ* છે.

આના વિશે વિચારો. *સ્વતંત્રતા.*

આ નવી મળેલી સ્વતંત્રતા, જેનો અનુભવ આપણે એ રીતે કરીએ છીએ કે તે મૂળરૂપે આપણી જ છે, શ્રીગુરુની કરુણાથી ઉદિત થાય છે. શ્રીગુરુ અજ્ઞાનતાના આવરણને કાપી નાખે છે — એ આવરણો જે અનેક જન્મોથી સંચિત થયા છે. માયાના એ આવરણોનું હટવું, સ્વયંમાં એક રહસ્યમય યાત્રા છે. અને તે ગુરુ-શિષ્ય સંબંધમાં થનારી અંતર-પ્રક્રિયાનો સાર છે. એક શિષ્ય આ ગહન પ્રક્રિયા માટે સ્વયંને કેવી રીતે તૈયાર કરે છે અને તેને સમજે છે, તે નિર્ભર છે — સારાં કર્મો પર, તત્પરતા પર અને મુમુક્ષુત્વ એટલે કે સત્યના જ્ઞાનના તીવ્ર અધ્યયન અને તીવ્ર લલક પર. અને આ સંપૂર્ણ પ્રક્રિયા દરમ્યાન, પૂરી પ્રક્રિયા દરમ્યાન, શ્રીગુરુની કૃપા સતત ઉપસ્થિત રહે છે.

જેમજેમ આ યાત્રા આગળ વધતી રહે છે તેમતેમ શિષ્યની સંપૂર્ણ સત્તા પરિપક્વ થતી જાય છે. તેની ચેતના રૂપી ભૂમિ વધુ ઉપજાઉ થતી જાય છે. તેમાં એક નવીન અને હજી વધારે ગહન પરિપક્વતા આવવા લાગે છે.

અંતર અને બાહ્ય જગત વિશે શિષ્યની સમજની આ પરિપક્વતા, શ્રીગુરુના પ્રસાદનું ફળ છે અને એ પ્રસાદ છે, દિવ્યચક્ષુ એટલે કે દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થવી.

દિવ્યદૃષ્ટિ રૂપે આ ગુરુપ્રસાદ આપણને એક ઉપાય પ્રદાન કરે છે, જેના દ્વારા આપણે આ જગતને નવી દૃષ્ટિથી જોઈ શકીએ અને તેના અંતર્જાત મૂલ્યની અનુભૂતિ કરી શકીએ.

જેમજેમ આપણે સ્વયંને સાધના પ્રત્યે સમર્પિત કરીએ છીએ અને પરમાત્માનું જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરીએ છીએ, તેમતેમ શ્રીગુરુ આપણું પોષણ અને માર્ગદર્શન કરતા જાય છે જેથી આપણે આ દિવ્યદૃષ્ટિને પોતાની બનાવી શકીએ.

*રૂપાંતરણ. સ્વતંત્રતા.* આપણે શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ છીએ.

* * *

સિદ્ધયોગ પથ પર, જ્યારે આ કાયાકલ્પ, આ રૂપાંતરણ થાય છે ત્યારે આપણે આપણી સ્વતંત્રતાનો ફરીથી અનુભવ કરીએ છીએ — આપણા હૃદયમાં કંઈક અસાધારણ ઘટિત થાય છે. તેને ‘ભક્તિ’ કહે છે. પ્રેમનું ઝરણું ફૂટી નીકળે છે.

આ એવો પ્રેમ છે જેને કારણે આપણે આપણી એ રીતોને બદલવાનો પ્રયત્ન કરીએ છીએ જે બની શકે કે હિતકારી ન હોય.

આ એવો પ્રેમ છે જે આપણને પ્રેરણા આપે છે કે આપણે જે પણ કરીએ તેને વધારે સારી રીતે કરીએ, વધારે ઉત્તમ રીતે કરીએ.

આ એવો પ્રેમ છે જે આપણને પ્રોત્સાહિત કરે છે કે આપણે વાસ્તવમાં જે છીએ તેના પ્રત્યે સત્યનિષ્ઠ રહીએ.

આ એવો પ્રેમ છે જે આપણને વિનમ્રતાના માર્ગ પર લઈ જાય છે, જ્યાં આપણે અન્ય લોકોનો સ્વીકાર કરીએ છીએ અને તેમની ભાવનાઓ અને શ્રદ્ધાનું સન્માન કરીએ છીએ.

આ એવો પ્રેમ છે જે આપણામાં એ ઇચ્છા જગાવે છે કે આપણે આપતા રહીએ... આપતા રહીએ... અને આપતા જ રહીએ, શ્રીગુરુની શિખામણોને પ્રાપ્ત કરવામાં આપણે લોકોની મદદ કરીએ, જેથી આ શિખામણો તેમના જીવનમાં દૃઢતાથી સ્થાપિત થઈ શકે — અને બદલામાં આ લોકો આધ્યાત્મિક સમૃદ્ધિનો અનુભવ કરે. આ છે શ્રીગુરુની દૃષ્ટિ.

ગુરુભક્તિ એ આધાર છે જેના પર ગુરુ-શિષ્યનો સંબંધ આશ્રિત છે. *ગુરુભક્તિ.*

આપણે આપણા શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ છીએ.

ભારતના આઠમી શતાબ્દીના મહાન ગુરુ આદિ શંકરાચાર્યે ગુરુભક્તિનો ઉપદેશ આપ્યો હતો. શ્રીશંકરાચાર્ય આત્મજ્ઞાની મહાત્મા હતા, આધ્યાત્મિક ગુરુ હતા, જેમણે તેમના ઉપદેશો અને વ્યાખ્યાઓમાં વેદોના જ્ઞાનનો સાર સમજાવ્યો. બધાંને આ જ્ઞાન પ્રદાન કરવા માટે તેમણે પોતાના શિષ્યોને આખા ભારતમાં — ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ, ચારે દિશામાં મોકલ્યા. અને આજે પણ, સાધકો શ્રીશંકરાચાર્યના ઉપદેશોનો આદર કરે છે, તેનું અધ્યયન કરે છે અને તેનાથી લાભાન્વિત થાય છે.

તેમની રચના ‘ગુરોરષ્ટકમ્’માં શ્રીશંકરાચાર્ય કહે છે :

ભલે તમને વેદ અને તેના છ અંગ,<br>
શાસ્ત્રોની વિદ્યા કંઠસ્થ હોય;<br>
તમારામાં કવિત્વ વગેરેની<br>
સાહિત્ય-સંબંધિત પ્રતિભા હોય અને<br>
તમે સુંદર ગદ્ય ને પદ્યની રચના કરતા હોવ,<br>
પરંતુ જો તમારું મન શ્રીગુરુનાં ચરણકમળોમાં આસક્ત નથી,<br>
તો શું, તો શું, તો શું, તો શું?

આ શ્લોકમાં શ્રીશંકરાચાર્ય ગુરુભક્તિનો મહિમાગાન કરતા કહે છે કે તે અનિવાર્ય છે — આ જીવનમાં સાચી તૃપ્તિ પામવા માટે તે અનિવાર્ય છે. મનને ‘શ્રીગુરુનાં ચરણકમળો’ પર એકાગ્ર રાખવાના રૂપે તેને દર્શાવવામાં આવે છે. ભારતીય શાસ્ત્રોમાં શ્રીગુરુનાં ચરણોને ‘ચરણકમળ’ કહેવામાં આવે છે. કમળ, પરમોચ્ચ આધ્યાત્મિક જ્ઞાનનું પણ પ્રતીક છે. શાસ્ત્રોમાં એ પણ કહેવામાં આવ્યું છે કે શ્રીગુરુનાં ચરણ સંપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનનો ભંડાર છે અને બધા આશીર્વાદોનો સ્રોત છે. *ચરણકમળ.*

*રૂપાંતરણ. સ્વતંત્રતા. ગુરુભક્તિ.* આપણે આપણા શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ છીએ.

* * *

હવે હું તમારું ધ્યાન સંસ્કૃતના બીજા એક સુંદર શબ્દ પર લાવવા માગું છું. જ્યારે તમને હૃદયમાં અપાર ભક્તિની અનુભૂતિ થઈ રહી હોય ત્યારે તમારી સ્વાભાવિક ઇચ્છા શું હોય છે?

*અર્પણ.*

અર્પણનો અર્થ છે 'ભેટ કે ઉપહાર'. આપવાના કૃત્યને પણ અર્પણ કહે છે. સંસ્કૃત ભાષામાં આ શબ્દ જે વિચારધારા સાથે જોડાયેલો છે, તે છે બદલામાં કંઈક આપવું — અને કોઈ સંકલ્પ સાથે આપવું. તેથી આપણે અર્પણને એ રીતે સમજી શકીએ કે તે એક એવી ભેટ છે જે સ્પષ્ટ સંકલ્પ અને દૃઢ વચનબદ્ધતા સાથે આપવામાં આવી હોય.

અર્પણ, ભારતમાં દરેક પ્રકારની પૂજા-વિધિનું એક અભિન્ન અંગ છે. તે પૂજાનો મૂળ ભાગ છે તેમજ હવન અને યજ્ઞનો એક અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ અનુષ્ઠાનો દરમ્યાન, બ્રાહ્મણ પૂજારી વિભિન્નરૂપે અર્પણ કરે છે. પુષ્પ અર્પણમ્ એટલે ફૂલોનું અર્પણ. ફલ અર્પણમ્ એટલે ફળોનું અર્પણ. દીપ અર્પણમ્ એટલે પ્રકાશનું અર્પણ. નૈવેદ્ય અર્પણમ્ એટલે અન્નનું અર્પણ. નમસ્કાર અર્પણમ્ એટલે નમનનું અર્પણ. મંત્ર અર્પણમ્ એટલે પવિત્ર મંત્રોનું અર્પણ. આ રીતે, બીજું પણ ઘણું બધું છે. અર્પણ કરવાની ઘણી બધી રીતો છે.

આ બધાં પવિત્ર અર્પણનું કેન્દ્ર એ અંતર-સ્થિતિ કે ભાવ છે, જે આ અર્પણને સાચો અર્થ પ્રદાન કરે છે, જે અર્પણ કરવા માટે પ્રેરણા આપે છે અને જેના કારણે અર્પણ શક્તિથી વ્યાપ્ત હોય છે. અર્પણનો અર્થ છે, ભગવાનને, આપણા શ્રીગુરુને તથા આપણે જેને પ્રેમ કરીએ છીએ અને જેમનામાં આપણને વિશ્વાસ છે તેમને આપણું સર્વશ્રેષ્ઠ અર્પિત કરવું. અર્પણ એ આપવાની આપણી સર્વોચ્ચ ક્ષમતાની અભિવ્યક્તિ છે, જેમાં આપણે આપવાના અને લેવાના નૈસર્ગિક ચક્રનો એક ભાગ બની જઈએ છીએ.

ઋગ્વેદ શીખવે છે કે આ બ્રહ્માંડ અર્પણ દ્વારા જ પોતાના સ્થાન પર ટકેલું છે, અને અર્પણ દ્વારા જ જગતમાં દૈવી નિયમ અથવા વિધાનનું પ્રાગટ્ય થાય છે અને તેનાથી એ ટકી રહે છે, આ દૈવી નિયમને 'ઋત' કહેવામાં આવે છે. *ઋત.* આપણે સૃષ્ટિના દરેક સ્તર પર આને જોઈ શકીએ છીએ, આ પૃથ્વી ગ્રહથી લઈને સૂક્ષ્મ લોક અને અણુ-પરમાણુના સ્તર સુધી.

ઉદાહરણ રૂપે, દાણાની એક ફળીમાંથી નવજીવનનું અંકુર ત્યારે જ ફૂટે છે જ્યારે... જ્યારે શું? જ્યારે તે તેના દાણાને પાછા એ ધરતીને અર્પિત કરી દે છે જેમાંથી તે ઉપજી હતી. આકાશના દ્વાર ખુલે છે અને સાગરો, નદીઓ, સરોવરો તથા ઝરણાંઓને તેનું પાણી પ્રાપ્ત થાય છે. અને પછી બાષ્પીભવન દ્વારા વાદળો બનીને ફરીથી સ્વયંને આકાશને અર્પિત કરી દે છે.

અનવરતરૂપે, અટલરૂપે આપવા અને લેવાનું આ નૈસર્ગિક ચક્ર ચાલતું જ રહે છે. મનુષ્ય હોવાને કારણે, પૃથ્વીની પ્રચુરતાના ઉપભોક્તાની સાથેસાથે તેના કલ્યાણના સંરક્ષક હોવાને કારણે અને સ્વયં પ્રકૃતિના એક ભાગ હોવાને કારણે, આપણે એ નિર્ણય લઈ શકીએ છીએ કે આપવાના અને લેવાના નૈસર્ગિક ચક્રો સાથે સુમેળ રાખીને જીવીએ.

આ જાગરૂકતા સાથે, આ સમજ સાથે, આ સંસારમાં આપણા સ્થાનની આનંદપૂર્ણ સ્વીકૃતિ અને તેના પ્રત્યે વચનબદ્ધતા સાથે, આપણે આપણા શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ છીએ.

* * *

આપણે સ્મરણ કરીએ છીએ :

> અનુગ્રહનું અર્થાત્ શ્રીગુરુની કૃપાનું,
> કાયાકલ્પનું અર્થાત્ આપણી સંપૂર્ણ સત્તાના રૂપાંતરણનું,
> સ્વતંત્રતાનું અર્થાત્ એ સ્વતંત્રતા જેને આપણે આ રૂપાંતરણ દ્વારા ફરીથી મેળવી લઈએ છીએ,
> ગુરુભક્તિનું અર્થાત્ શ્રીગુરુ પ્રત્યે આપણા હૃદયના ઝરણામાંથી ઉદિત થતા ભક્તિભાવનું,
> અને આપણે સ્મરણ કરીએ છીએ, અર્પણનું.

આપણે આપણા શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ છીએ.

જ્યારે-જ્યારે હું 'સદ્‌ગુરુનાથ મહારાજ કી જય' બોલું છું, તો મને લાગે છે કે હું શ્રીગુરુમાઈનું, મારા શ્રીગુરુનું પૂજન-અર્ચન કરી રહ્યો છું, હું તેમને મારા હૃદયમાં બિરાજમાન જોઉં છું અને તેમને મારી કૃતજ્ઞતા, મારા પ્રણામ અર્પિત કરું છું.

હિન્દી ભાષાના આ શબ્દો, સિદ્ધયોગ પથ પર અત્યંત મહત્ત્વપૂર્ણ અને અનમોલ છે; જેનો અર્થ છે, ''શ્રીસદ્‌ગુરુની જય જયકાર થાઓ!''

આ ક્ષણે, ચાલો આપણે બધાં — મહાન સ્વતંત્રતા અને આનંદ સાથે — આ શબ્દો ગાઈને આપણા પરમપ્રિય શ્રીગુરુનું પૂજન-અર્ચન કરીએ : *સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!*

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.